# ગાંધીનગર- અમદાવાદમાં ૧૪ થી ૧૬ ઓગષ્ટમાં ગાજવીજ સાથે વરસાદ પડશે

**ઉત્તર ગુજરાત, કચ્છ , સૌરાષ્ટ્ર , દક્ષિણ ગુજરાત સાબરકાંઠા સહીતના વિસ્તારમાં પણ હળવાથી ભારે વરસાદની સંભાવના**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર જિલ્લામાં સિઝનનો ૫૮ ટકા વરસાદ થઈ ગયો છે. જયારે શહેરમાં પણ ઓગષ્ટના મધ્યાંતરે સિઝનને અનુરૂપ વરસાદ થઈ જતા ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. જયારે તહેવારોના આગામી દિવસોમાં પણ વરસાદ વરસે તેવી સંભાવના છે. ગાંધીનગર અમદાવાદમાં તા ૧૪ થી ૧૬ દરમિયાન ગાજવીજ સાથે વરસાદ થવાની શકયતા હોવાનુ હવામાન શાસ્ત્રીએ જણાંવ્યુ છે.

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ હાલમાં રાજયમાં વરસાદ વિરામ લઈ રહ્યો છે ત્યારે આગામી સમયમાં વરસાદ અંગે જોતા ભૌગોલિક બાબતો તેમજ ગ્રહો અંગે જોતા રાજયના ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શકયતા જોવા મળી રહી છે. તા ૧૪ થી ૧૬ માં રાજયના કેટલાક ભાગોમાં વરસાદ પડવાની સંભાવના છે.તા ૧૫ અને ૧૬ દરમિયાન કેટલાક ભાગોમાં ભારે વરસાદ થવાની શકયતા છે. પંચમહાલના ભાગો પાલનપુર, આરાસુર પર્વત, અરવલ્લી સાબરકાંઠાના વિસ્તાર , ઉત્તર ગુજરાત અને કચ્છ દક્ષિણ ગુજરાતના ભાગો તેમજ દક્ષિણ સૌરાષ્ટ્ર સહીતના ભાગોમાં ભારે વરસાદ પડી શકે. કેટલાક ભાગોમાં હળવો વરસાદ પણ થાય આશ્લેષા નક્ષત્રમાં વરસાદ થતા હોવાથી સર્પની દાઢમાં ઝેર વધે અને વરસાદની વાંછટથી મનુષ્યમાં તાવ આવવાની શક્યતા રહે ઉભા કૃષિ પાકોમાં મોલો તેમજ ઈયળનો ઉપદ્રવ વધે. ઓગષ્ટ તા ૧૭ માં સુર્ય મઘા નક્ષત્રમાં આવતો હોવાથી મઘા નક્ષત્રનુ વરસાદી પાણી ઉભા કૃષિ પાકો માટે સારુ ગણાય છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ તા ૧૪ થી ૧૬ ઓગષ્ટ દરમિયાન વરસાદ આવી શકે.

# ફુટપાથના ગાબડા પુરવા માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરી રીપેરીંગ કરાશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન અનેકવિધ દુવિધાઓ જોવા મળી રહી છે. શહેરના માર્ગો આસપાસ માટી પોલાણના લીધે ગાબડા પડયા છે. જયારે માર્ગોની સાથે ફુટપાથ પર ટાઈલ્સો ઉખડી જવાની સાથે વોક વે પર ભંગાણ થવાના લીધે ખાડા જોવા મળી રહ્યા છે. વરસાદી દિવસોમાં નવનિર્મિત ફુટપાથ બેસી જતા તંત્ર દ્વારા આ મામલે જરૂરી સર્વે હાથ ધરી ફુટપાથની જાળવણીનુ કામ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં વરસાદી દિવસો દરમિયાન અનેક ઠેકાણે માર્ગો પર ગાબડા પડયા છે. માર્ગોની આસપાસ વરસાદી પાણીના નિકાલની લાઈનના ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણના અભાવે વરસાદમાં મોટા મસ જોખમી ખાડા પણ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી સ્થિતિ છે. જયારે માટી પોલાણના લીધે જોખમી સ્થિતિ નિવારવા પણ સેકટરવાસીઓએ પ્રબળ માંગ કરી છે. શહેરમાં વરસાદી મોસમ જામતા નગરના માર્ગોનુ ધોવાણ થવાની સાથે માટી પોલાણના લીધે નવ નિર્મિત ફુટપાથ પણ બેસી ગઈ છે. આ ઉપરાંત કેટલાક ઠેકાણ ફુટપાથની ટાઈલ્સો પણ ઉખડી જતા વોકીંગ કરનારાઓને મુશ્કેલી વેઠવી પડે છે.

● અનુસંધાન પાન-૭ પર



કેન્દ્રીય રેલવે મંત્રી પિયુષ ગોયલ અને રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે ગાંધીનગર રેલવે સ્ટેશન રિસ્ટ્રક્ચર પ્રોજેકટ અંતર્ગત હોટલ નિર્માણની ચાલી રહેલ કામગીરીની મુલાકાત લઈ સમીક્ષા કરી હતી. આ બન્નેએ જણાવ્યુ હતુ કે આગામી વાયબ્રન્ટ પહેલાં હોટલના નિર્માણનું કાર્ય પૂર્ણ થઈ જશે. ગોયલે કહ્યુ કે આ પ્રોજેકટના નિર્માણ પછી અન્ય સ્ટેશનો પર પણ આવા પ્રોજેકટ હાથ ધરવા માટે રેલવે મંત્રાલય વિચારણા કરશે.

# નાયબ મ્યુનિ. કમિશ્નર સામે ઠપકાનો પ્રસ્તાવ સ્થાયી સમિતિએ પસાર કર્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં નાયબ મ્યુનિ. કમિશ્નર બી.કે. જોષી ચૂંટાયેલી પાંખ પર પોતાની ધાક જમાવવા માટે જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓ વિરૂદ્ધ ગેરકાયદે હુકમો કરી ચૂંટાયેલી પાંખની અવગણના કરી રહ્યા હોવાથી તેમને ઠપકો આપતો ઠરાવ પસાર કર્યો છે.

સ્થાયી સમિતિએ આ પ્રસ્તાવમાં નાયબ મ્યુનિ. કમિશ્નર, મ્યુનિ કમિશ્નરને પણ ગેરમાર્ગે દોરી રહ્યાનો આક્ષેપ કરતો ઉલ્લેખ કરાયો છે અને સરકારમાં રજુઆત કરવાનો સમય પાકી ગયો છે તેમ પણ જણાવાયુ છે.

સામાન્ય સભામાં સ્થાયી સમિતિને નાયબ મ્યુનિ. કમિશ્નરને સરકારમાં પરત મોકલવાનો પ્રસ્તાવ રજુ કરવાની ફરજ પડે તે પહેલાં નિયમ અને કાયદા પ્રમાણે ફરજ બજાવવા તાકીદ કરવામાં આવે છે.

સ્થાયી સમિતિની આજની બેઠકમાં મનપાના ચીફ ઓડિટર તરીકેનો ચાર્જ રશ્મિકાન્તભાઈ પરમારને સોંપવા અને ચાર્જ સંભાળ્યા પછી તેમને સ્થાયી સમિતિના ચેરમેનને જાણ કરવામાં આવે તેવો પ્રસ્તાવ પણ પસાર કર્યો છે. સ્થાયી સમિતિના સીધા નિયંત્રણ હેઠળ સભા શાખા તેમજ ઓડિટ શાખા છે. આ શાખામાં કામ કરતા કર્મચારીઓની બદલી બઢતી અંગે નિર્ણય લેતાં પહેલા સ્થાયી સમિતિની મંજૂરી લેવી આવશ્યક છે પણ પરમારની બદલીના કિસ્સામાં વિશ્વાસમાં લીધા સિવાય બારોબાર હિસાબી શાખામાં નિમણુંક આપવામાં આવી હતી તેમજ તેમના સ્થાને જેમની નિમણુંક કરાઈ હતી તેમને ઓડિટ બ્રાન્ચનો અનુભવ જ નથી. આથી બદલીનો હુકમ રદ કરવામાં આવે છે તેવો નિર્ણય કર્યો હતો.

આજની આ બેઠકમાં સરકાર દ્વારા મુકવામાં આવેલ તમામ સબ ઓડિટરોને પણ તુરત જ ઓડીટ શાખામાં બદલી આપવા અને નિમણુંક આપવા ઠરાવવામાં આવ્યુ છે.

આજની આ બેઠકમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવ અંગે પણ તંત્રની ઉદાસીનતા સામે સભ્યોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. મેયર વોર્ડ સહિત શહેરમાં વિવિધ સ્થાનોએ પડેલા ભુવાઓના દુરસ્તીકરણની કામગીરી પણ ઝડપથી કરવામાં આવે તે માટે સૂચનાઓ આપવામાં આવી છે.

આ બેઠકમાં પાલજ ગામમાં આર.સી.સી. રોડના કામ અંગેના ટેન્ડરને પણ બહાલી આપી દેવામાં આવી છે. આ ઉપરાંત એમ.એમ. રાઠોડવાળી દરખાસ્ત જે કમિશ્નર તરફથી આવી હતી તે મુલ્તવી રાખવામાં આવી છે. એકતા રથયાત્રાના બિલો પણ મંજૂર કરી દેવામાં આવ્યા છે.

## સ્થાયી સમિતિમાં વરસાદી પાણીના નિકાલને મુદ્દે તંત્રની ઉદાસીનતા સામે પણ સભ્યો નારાજ

# જુના જર્જરિત બાંધકામો અને પંચાયત હસ્તકની મિલ્કતોના વીજળીકરણની સુવિધાઓની ચકાસણી કરવા આદેશ

ગાંધીનગર, તા. ૧૩

બોપલમાં ટાંકી પડવાની બનેલી ઘટના પછી હરકતમાં આવેલા તંત્રએ જિલ્લાના તમામ જુના જર્જરિત પંચાયત ઘર તેમજ પંચાયતોની અન્ય મિલ્કતોની ચકાસણી કરવા માટે તાકીદ કરતો એક પરિપત્ર કર્યો છે.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલની સહિથી જારી કરાયેલા આ પરિપત્રમાં જણાવાયુ છે કે ચોમાસાની ઋતુ દરમ્યાન ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ જૂની જર્જરિત ટાંકીઓ તથા બહુમાળી સરકારી તેમજ બિન સરકારી બાંધકામો પડી જવાના તથા વિદ્યુત પ્રવાહથી કરંટ લાગવાને લીધે જાનહાનિ થવાના કિસ્સા જોવા મળી રહ્યા છે.

આથી સર્વે તાલુકા વિકાસ અધિકારી તથા કાર્યપાલક ઈજનેરને સુચના આપવામાં આવે છે કે અત્રેના તાબા હેઠળના કાર્યાલયો, કચેરીઓ, પ્રા. શાળા, આંગણવાડી કેન્દ્રો, પ્રા.આ. કેન્દ્રો, પશુ ચિકિત્સા કેન્દ્રો, ગ્રામ પંચાયતો તથા તાબા હેઠળની તમામ મિલ્કતો અને તેની આસપાસ આવેલા જૂના અને જર્જરિત બાંધકામો અને વીજળીકરણની વ્યવસ્થા સંપૂર્ણ રીતે ચકાસી લેવા. આ ઉપરાંત કોઈપણ અઘટિત ઘટના ન ઉદ્ભવે તે માટેના તમામ ઉપાયો અને પગલાં સત્વરે હાથ ધરવામાં આવે.

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ પરિપત્ર થતાં જ પંચાયતનું બાંધકામ વિભાગ હરકતમાં આવી ગયુ છે અને આ બાબતે ચકાસણીની સઘન કાર્યવાહી હાથ ધરી છે.

# સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજથી જ અંધારપટ્ટ

**સે-3, ૪ સહીતના નવા સેક્ટરો તેમજ સે-૧૯ અને સે-૧૭ સહીતના જુના સેક્ટરોમાં મોટાભાગના સ્ટ્રીટ લાઇટના થાંભલા બંધ : વરસાદી માહોલમાં રાત્રિના સમયે અંધારપટ્ટ વચ્ચે સેક્ટરોમાં સન્નાટો**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર શહેરમાં વરસાદી મોસમ નિખરવાની સાથે સેકટરોમાં અનેકવિધ દુવિધાઓ ઉભી થઈ છે. સેકટરોમાં વરસાદી છાંટણા સાથે જ બંધ થઈ જતા સ્ટ્રીટ લાઈટના થાંભલાઓની સંખ્યા પણ વિશેષ છે. હાલ શહેરના સે-૩,૪ અને સે-૫ સહીત જુના સે-૧૭ માં પણ મોટાભાગના સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ હાલતમાં હોવાથી અંધારપટ્ટ છવાયેલો છે. શહેરમાં એલ ઈ ડી સ્ટ્રીટ લાઈટ લગાવાની યોજનાના અંતે પણ વારંવાર સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની વ્યાપક ફરિયાદો સ્થાનિકોના રોષનુ કારણ બની છે સેકટરોમાં સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જતા મહીલાઓ અને સિનિયર સિટીઝન્સે ઘરની બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બને તેવી સ્થિતિ છે.

ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટના અંદાજિત ૧૮ હજાર જેટલા થાંભલા છે. વર્ષો સુધી સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ ટોરેન્ટ પાવર દ્વારા સંભાળવામાં આવતુ હતુ પરંતુ એલ ઈ ડી પ્રોજેકટ અમલી બનાવાયા બાદ સેકટરોમાં સફેદ અજવાળુ પાથરતી એલ ઈ ડી સ્ટ્રીટ લાઈટ નાંખવામાં આવી છે. હાલ સેકટરોમાં એલ ઈ ડી સ્ટ્રીટ લાઈટના લીધે વિજબીલમાં પણ કટોતી આવી છે. વિજબીલની બચત

● અનુસંધાન પાન-૭ પર



સ્વાતંત્ર્ય દિનની તૈયારી - ગાંધીનગર ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી સંદર્ભે સેક્ટર-૧૧ ખાતે રામકથા મેદાનમાં આજે દિવસ દરમિયાન તડામાર તૈયારીઓ ચાલી હતી. શહેરની શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તથા વહીવટી તંત્ર સાથે જોડાયેલા અધિકારીઓ-કર્મચારીઓ ઉજવણીમાં જોડાશે.

# ડાયમંડ તેમજ ટીમ્બર વેપાર ઉદ્યોગો માટે રશિયામાં ખુબ ઉજળી તકો : રૂપાણી

**રૂપાણી રશિયાના પ્રવાસથી પરત : મહત્વના એમઓયુ : સપ્ટેમ્બરમાં મોદી રશિયા યાત્રાએ**

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી રશિયાના ત્રણ દિવસની સફળ યાત્રા કરીને આજે ગુજરાત પરત ફર્યા હતા. રશિયા પ્રવાસની સિદ્ધિની વાત કરતા રૂપાણીએ કહ્યું



હતું કે, રશિયામાં ડાયમંડ અને ટીમ્બરના વેપાર માટેની ખુબ ઉજ્જવળ તકો રહેલી છે. ગુજરાત અને રશિયા વચ્ચે એમઓયુ પણ કરવામાં આવ્યા છે. હજુ પણ ઘણી તકો રહેલી છે. સપ્ટેમ્બર મહિનામાં વડાપ્રધાન નરેન્દ્રમોદી રશિયાની યાત્રાએ જવાના છે તે પહેલા ભારતીય પ્રતિનિધિમંડળની આ યાત્રા ખુબ ઉપયોગી રહી શકે છે. રૂપાણીએ કહ્યું હતું કે, રશિયા સાથે ભારતના સંબંધો પહેલાથી જ મજબૂત રહેલા છે. કેન્દ્રીય ઉદ્યોગમંત્રી પીયુષ ગોયલની અધ્યક્ષતામાં રશિયા પહોંચેલા પ્રતિનિધિમંડળમાં ચાર રાજ્યોના મુખ્યમંત્રી જોડાયા હતા. આજે પરત ફર્યા બાદ વિમાની મથકે તેમનું સ્વાગત કરાયું હતું. વિજય રૂપાણી ગુજરાતના ૨૮ જેટલા વેપાર-ઉદ્યોગ અગ્રણીઓ સાથે કેન્દ્રીય વાણિજય ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલના નેતૃત્વમાં રશિયાના પ્રવાસે ગયેલા ભારતીય પ્રતિનિધિ મંડળમાં જોડાયા હતા. ભારત અને રશિયા વચ્ચે બહુ લાંબા સમયથી ગાઢ મિત્રતા રહી છે. પાછલા સાત દસકથી રશિયા સાથે ભારતના સંબંધો ભાવનાત્મક રહ્યા છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રશિયા અને ગુજરાત વચ્ચેના વ્યાપારિક સંબંધોને વ્યાપક બનાવવાના નવા અવસરો ગુજરાત અને રશિયન ફાર ઈસ્ટ રીજિયન સાથે મળીને ઊભા કરશે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ ગઈકાલે ડાયમંડ સેક્ટરમાં રશિયા સાથે ગુજરાતની વેપાર-ઉદ્યોગની વિપૂલ સંભાવનાઓનો વિશેષ ઉલ્લેખ કરતાં કહ્યું હતુ કે, રશિયા વિશ્વના સૌથી મોટા હીરાના ભંડાર પૈકીનું એક છે.

# સિવિલ હોસ્પિટલ કેમ્પસમાંથી ભારે માત્રામાં મચ્છરોના બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી જ મોટા પ્રમાણમાં મચ્છરોના બ્રિડીંગ મળી આવતા શહેરી મેલેરિયા તંત્રની ટીમો ચોંકી ઉઠી હતી. આ અંગેની તપાસ હજુ બુધવારે પણ યથાવત ચાલુ રહેશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા મકાનનુ બાંધકામ જે પી.આઈ.યુ. દ્વારા કરવામાં આવ્યુ છે તેમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાનો અભાવ જણાયો છે. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમના ધાબામાં મુકાયેલી પાણીની ટાંકીઓ પણ પુરતી બંધ જણાઈ ન હતી. આને કારણે મચ્છરોના ભારે બ્રિડીંગ આજે ટીમને મળી આવ્યા હતા.

ગાંધીનગર મેડીકલ કોલેજ, બોયઝ હોસ્ટેલ, લેડીઝ હોસ્ટેલના ધાબાઓ પર મોટા પ્રમાણમાં બ્રિડીંગ હોવાનું જાણવા મળેલ છે.

ગત વર્ષે ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસો અહિંથી વધારે મળ્યા હતા. આ કેમ્પસને પગલે સે. ૧૨નો વિસ્તાર સંવેદનશીલ બન્યો હતો. અહિંથી ચિકનગુનિયાના પણ કેસ મળી આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

તંત્ર દ્વારા વરસાદે વિરામ લેતાં શહેરમાં વિવિધ સ્થાનો પર બ્રિડીંગ શોધવા માટે ઝુંબેશ હાથ ધરી છે. આજે તંત્રની ટીમો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ત્રાટકી હતી.

વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાનો અભાવ હોવાથી ધાબા પર પાણી ભરાયેલા પણ મળી આવ્યા હતા. આ બાબતે સિવિલ સત્તાવાળાઓનું તંત્ર દ્વારા ધ્યાન દોરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

# અમદાવાદમાં ટૂંકમાં ૩૦૦ ઈ-બસ શરૂ કરવા તૈયારી

**ઇલેક્ટ્રિક બસનો કન્સેપ્ટ : ૫૫૦ બસો મંજૂર કરાઈ : કેન્દ્ર દ્વારા ભારતના ૬૪ શહેર માટે ૫૫૯૫ ઈબસ મંજૂર કરાઇ છે : ઇ-બસની ખરીદીમાં ૪૦ ટકા સુધી સબસીડી**

અમદાવાદ, તા.૧૩

દેશભરમાં વધી રહેલા પ્રદૂષણના સ્તરને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકાર સતત ઈલેક્ટ્રિક વાહનો ખરીદવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. સરકારે એફએએમઈ-૨ સ્કીમ હેઠળ અમદાવાદમાં ૩૦૦ નવી ઈલેક્ટ્રિક બસ આપવાનો પ્રસ્તાવ મંજૂર કરી દીધો છે. જેથી ગુજરાતને પાંચ શહેરોમાં ૫૫૦ ઈલેક્ટ્રિક બસ મળશે. ઉપરાંત અન્ય રાજયો માટે પણ કુલ ૫,૫૯૫ ઈ-બસ ફાળવવામાં આવી છે. જેને પગલે નજીકના ભવિષ્યમાં અમદાવાદના માર્ગો પર ૩૦૦ ઈ બસો દોડતી થશે. ઈલેક્ટ્રિક વાહનોને પ્રમોટ કરવા માટે થોડા સમય પહેલા જ કેન્દ્ર સરકારે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની સ્કીમ લોન્ચ કરી હતી. જેના ભાગરૂપે દેશના ૬૪ શહેરો માટે ૫,૫૯૫ ઈ-બસ મંજૂર થઈ છે. ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને તમિલનાડુમાં ઈ-બસો ફરતી થશે.

અમદાવાદ, દિલ્હી, બેંગલુરુ અને હૈદરાબાદ ૩૦૦ ઈ-બસ મેળવનારા શહેરોમાં સામેલ છે. ઈ-બસ ખરીદવા પર ૪૦ ટકા સુધીની સબસિડી પણ આપવામાં આવશે. જો કે, તેના માટે નક્કી કરેલા સમયગાળામાં બસ ખરીદવી પડશે. શહેર પોતાની જરૂરિયાત અનુસારે ૩ મોડલમાંથી કોઈપણ એક મોડલની બસ ખરીદી શકશે. એફએએમઈ-૨માં બસોની કેટેગરી સ્ટાન્ડર્ડ જેની લંબાઈ ૧૦થી ૧૨ મીટર છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com